# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2553 ❖ કાર્તિક પૂર્ણિમા ❖ 02 નવેમ્બર 2009 ❖ વર્ષ – 10 ❖ અંક – 8 ❖ સળંગ અંક - 116


## ધમ્મવાણી

हत्थसंयतो पादसंयतो, वाचासंयतो संयतुत्तमो ।
अज्झत्तरतो समाहितो, एको सन्तुसितो तमाहु भिक्खुं ॥
धम्मपद – ३६२, भिक्खुवग्गो

જે હાથ, પગ અને વાણીમાં સંયમ રાખે છે, (જે) ઉત્તમ સંયમી છે, પોતાના ભીતરની (સચ્ચાઇઓને) જાણવામાં લાગેલો છે, સમાધિયુક્ત, એકાકી અને સંતુષ્ટ છે, તેને 'ભિક્ષુ' કહે છે.

## બુદ્ધજીવન - ચિત્રાવલી - પ્રાક્કથન

**(ગતાંકનું ચાલુ)**

નિસર્ગનું એક અન્ય સત્ય એ પ્રગટ થયું કે –

वेदनासमोसरणा सब्बे धम्मा ।

ચિત્ત જે ચિત્તવૃત્તિઓ ધારણ કરે છે તેને ધર્મ કહેવાય છે. નિસર્ગનો એ નિયમ છે કે ચિત્ત જે પણ ચિત્તવૃત્તિ ધારણ કરે, તે શરીર પર સંવેદનાના રૂપમાં પ્રવાહિત થવા લાગે છે.

શરીર અને માનસના આ સંયોગથી પણ સંવેદનાઓ થાય છે. બેઠક, ઋતુ અને ભોજન થકી પણ સંવેદનાઓ થાય છે.

**• માનસ :–** ઉપરોકત કારણો થકી થનારી સંવેદનાઓ સિવાય માનસના પોતાના ચાર ખંડોની–વિજ્ઞાન (જાણનાર), સંજ્ઞા (ઓળખનાર અને મૂલ્યાંકન કરનાર), વેદના (સંવેદનાનો અનુભવ કરનાર), સંસ્કાર (સંવેદના પ્રત્યે પ્રતિક્રિયા કરનાર)–ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન સંવેદનાઓ થાય છે.

**• શરીર :–** માનસ સિવાય શરીરનાં ચાર તત્ત્વો–પૃથ્વી, અગ્નિ, જળ તથા વાયુ સંબંધી ભિન્ન ભિન્ન સંવેદનાઓ ભિન્ન ભિન્ન સમયે થતી રહે છે.

આ અનેક પ્રકારની સંવેદનાઓમાં સાધારણ રીતે બે પ્રકારની સંવેદનાઓ જ પ્રમુખ હોય છે–સુખદ કે દુઃખદ. અંતર્મનના ઊંડાણમાં તત્ક્ષણ તેમની અનુભૂતિ થાય છે. જો સુખદ અનુભૂતિ થાય તો રાગાત્મક અને દુઃખદ અનુભૂતિ થાય તો દ્વેષાત્મક પ્રતિક્રિયા થાય છે. આ પ્રતિક્રિયાઓ જ સંસ્કાર છે. એ જ કર્મસંસ્કાર છે, જેમાંના અનેકનો સ્વભાવ માનસના ઊંડાણમાં, મૂળ સુધી પુષ્ટથી પુષ્ટતર થતો રહે છે.

કેટલાક કર્મસંસ્કારો બહુ દુર્બળ હોય છે–જાણે પાણી પર દોરેલી રેખા. જેમ જેમ દોરાતી જાય તેમ તેમ ભૂંસાતી જાય છે. પરંતુ કેટલીક જાણે રેતી પર દોરેલી રેખા, જે થોડા સમયમાં જ ભૂંસાઇ જાય છે. પરંતુ કેટલીક જાણે કે પથ્થર પર ટાંકણા અને હથોડી કોતરેલી રેખા, જે વર્ષો સુધી નથી ભૂંસાતી.

આ કર્મસંસ્કારોમાં કેટલાક અકુશળ હોય છે, કેટલાક કુશળ. જે અકુશળ કર્મસંસ્કાર છે તે અધોગતિ તરફ લઇ જનારા હોય છે અને જે કુશળ કર્મસંસ્કાર છે તે દિવ્ય ઉર્ધ્વગતિ તરફ. જે બહુ સઘન નથી હોતા, તે માનસના ઉપલા ભાગમાં જ સમાયેલા રહે છે. જે સઘન છે, ઊંડા છે, તેમનાં મૂળ અંતર્મનના ઊંડાણ સાથે જોડાએલાં રહે છે.

પોતાની અણસમજથી કોઇ કોઇ દુર્બળ, દૂષિત કર્મસંસ્કારોનું વારંવાર પુનરાવર્તન કરતાં કરતાં આપણે તેને સઘન અને ગહન બનાવતા રહીએ છીએ અને પરિણામે પોતાના વર્તમાન તથા ભવિષ્યને અધિક દુઃખમય બનાવતાં રહીએ છીએ.

ભગવાન બુદ્ધની આ શોધખોળો કેવળ બૌદ્ધિક કુતૂહલ સંતુષ્ટ કરવા માટે નહોતી. પરંતુ તેમનો ઉદ્દેશ્ય એ સચ્ચાઇઓ દ્વારા દુઃખ–નિવારણનો ખરો ઉપાય શોધવાનો હતો. તે માટે તેમણે વિપશ્યનાની આશુફલદાયિની વિદ્યા શોધી કાઢી. તેમાં સંવેદનાઓ પર પ્રતિક્રિયા ન કરતાં સમતામાં સ્થિત રહેવાનું શીખવાય છે. તેણે (વિપશ્યનાએ) ત્યારથી માંડીને આજ દિવસ સુધી અગણિત લોકોને દુઃખમુક્ત કર્યા છે.

**• વિપશ્યના :–** આ કલ્યાણી વિદ્યા શીખવા માટે સાધકે ઓછામાં ઓછા દસ દિવસ સુધી કોઇ શાંત, પાવન વાતાવરણમાં, કોઇ અનુભવી માર્ગદર્શકના નિર્દેશનમાં કામ કરવાનું હોય છે.

**• શિબિરના દસ દિવસ :–** શિબિર માટે દસ દિવસની અવધિ સાંભળતાં જ સાંભળનારો ચોંકે છે. દરેક વ્યક્તિ પોતાની જાતને બહુ વ્યસ્ત માનતી હોય છે, તેથી દસ દિવસનો સમય કાઢવામાં અચકાય છે. બીજાને શો દોષ દઉં ? હું પણ મારી પહેલી શિબિરમાં સામેલ થતાં પહેલાં ખૂબ અચકાયો હતો. પરંતુ શિબિરના બે દિવસ અગાઉ પરમ પૂજ્ય ગુરુદેવ પાસેથી સાધનાની અંધમાન્યતાવિહીન, સર્વજનીન અને વૈજ્ઞાનિક રૂપરેખા સમજીને હિંમત એકઠી કરી અને શિબિરમાં સામેલ થઇ ગયો. બે દિવસમાં મન સાધના પ્રત્યે આકર્ષિત થવા લાગ્યું. દસ દિવસ વિતતામાં તો આ આશુફળદાયિની વિદ્યાર્થી લાભાન્વિત થઇને ધન્ય થઇ ગયો. જીવનધારા જ બદલાઇ ગઇ. લગભગ બધાંનો ઓછેવત્તે આવો જ અનુભવ હોય છે. અનેક લોકો કરમાયેલા ચહેરે શિબિરમાં સામેલ થાય છે. દસમા દિવસે શિબિર સમાપન થતાં પ્રત્યેક સાધકનો ચહેરો આનંદથી ખીલી ઉઠે છે.

મનુષ્યજીવનની હરેક પળ અણમોલ છે. કોઇના જીવનના કિંમતી દસ દિવસ વ્યર્થ, નષ્ટ ન થવા જોઇએ. લોકોને પ્રત્યક્ષ લાભ થાય છે. આ કારણે દર વર્ષે વિશ્વના ૧૪૦ વિપશ્યના કેન્દ્રોમાં બધા સંપ્રદાયોના લગભગ એક લાખ સાધક શિબિરોમાં પણ ઘણું કરીને પ્રવેશ ન મળવાથી સાધકને નિરાશા થાય છે.

**• મૌન :–** એ જ રીતે શિબિરોમાં અંતિમ દિવસને બાદ કરતાં બાકી સમય મૌન રહેવાના નિયમથી પણ કેટલાક લોકો ગભરાય છે. પરંતુ સાધકને સાધના–વિધિ વિશે જયારે જયારે કોઇ પણ અસ્પષ્ટતા હોય, ત્યારે ત્યારે ગમે તેટલી વાર પોતાની આચાર્યને મળીને સ્પષ્ટીકરણ કરી શકે છે. સાધકોને પરસ્પર વાતચીતની જ મનાઇ હોય છે. સાધક શીઘ્ર સમજવા લાગે છે કે મન કેવું વાચાળ છે. વાણીનું મૌન રાખીને જ તેને મૂક કરી શકાય છે. મૌનનું મહત્ત્વ શીઘ્ર સમજમાં આવવા લાગે છે.

### વિપશ્યના વિદ્યાનાં ત્રણ સોપાન છે

**• શીલ :–** સાધના દરમ્યાન પાંચેય શીલોનું ગંભીરપૂર્વક પાલન કરવું આવશ્યક છે. તેનાં બે કારણ છે. એક તો એ કે પ્રત્યેકવાર શીલભંગ કરવાથી એટલે કે હત્યા, ચોરી, વ્યભિચાર, મિથ્યાભાષણ અને નશો કરવાથી અકુશળ કર્મસંસ્કાર બનાવીએ છીએ; જે વર્તમાન તથા ભવિષ્ય બંનેને દુઃખોથી ભરી દે છે. બીજું, આ ઊંડા કલુષિત સંસ્કારોને કારણે અંતર્મનમાં એટલું તોફાન જાગે છે કે વિપશ્યના દ્વારા સચ્ચાઇનું સંશોધન કરવું થઇ જાય છે. તેથી શિબિર દરમ્યાન શીલ–પાલન અનિવાર્ય છે.

**• સમાધિ :–** શીલ–સદાચારના પાવન વાતાવરણને જાળવી રાખવા તથા આગળના સંશોધનની સફળતા માટે મનની એકાગ્રતા બહુ આવશ્યક હોય છે. તેને માટે પોતાના સ્વાભાવિક શ્વાસના આવાગમન પ્રત્યે સજાગ રહીને ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવાનો હોય છે.

આપણાં દુઃખ અને દુઃખોનું કારણ સર્વજનીન છે. તેથી દુઃખના નિવારણનો ઉપાય પણ સર્વજનીન હોવો જોઇએ. ભગવાને આ જ સંશોધન કર્યું. એમણે બૌદ્ધ ધર્મના નામનો કોઇ સંપ્રદાય સ્થાપિત નથી કર્યો કે ન તો કોઇને બૌદ્ધ બનાવ્યા. એમણે ધર્મ શીખવ્યો, જે બધાંનો હોય છે. લોકોને

ધાર્મિક બનાવ્યા, જે બધાં બની શકે છે. આથી આ માર્ગ પર સંપ્રદાયવાદનું કયાંય નામોનિશાન નથી. માર્ગનું દરેક કદમ સર્વજનીન છે, સાર્વકાલિક છે, સાર્વભૌમિક છે. બધાંને માટે, હર સમય, દરેક પ્રદેશમાં સમાન રૂપે પ્રયોગમાં લઇ શકાય છે. એટલે શ્વાસની સાથે કોઇ શબ્દનું ઉચ્ચારણ, કોઇ દેવી–દેવતા, બુદ્ધ કે ગુરુની આકૃતિનું ધ્યાન કરવાની સર્વથા મનાઇ છે. શ્વાસ પણ સ્વાભાવિક, નૈસર્ગિક હોય. પોતાના સ્વભાવે જેવો આવે, જેવો જાય તેને તટસ્થ ભાવે કેવળ જાણવાનો છે. શ્વાસની કોઇ કસરત કરવાની નથી હોતી. શ્વાસના નૈસર્ગિક પ્રવાહમાં કોઇ પરિવર્તન કરવાનું નથી હોતું.

સાધકે સદા યથાર્થ એટલે કે યથાભૂતના સહારે ચાલવાનું હોય છે. સાધકનું આલંબન કયાંય યથાકૃત, યથાવાંછિત, યથા–કલ્પિત, યથાઆરોપિત ન થઇ જાય તેનું ધ્યાન રાખવાનું હોય છે.

શ્વાસના યથાર્થ સત્ય પ્રત્યે દરેક ક્ષણ સજાગ રહીને તેને તટસ્થ ભાવે જાણતાં રહેવાનું છે. સ્વાભાવિક શ્વાસ જો લાંબો હોય તો લાંબો, ટૂંકો હોય તો ટૂંકો, ડાબા નસકોરામાંથી પસાર થતો હોય તો જાણવાનું છે કે ડાબા નકોરામાંથી પસાર થાય છે. જમણા નસકોરામાંથી પસાર થતો હોય તો જાણવાનું છે કે જમણા નસકોરામાંથી પસાર થાય છે. તેને બદલવાનો જરાકેય પ્રયત્ન કરવાનો નથી હોતો.

આમ સચ્ચાઇ પ્રત્યે સજાગ રહેતાં રહેતાં બીજા કે ત્રીજા દિવસે नासिकग्गे, એટલે કે નાસિકાની ઉપર उत्तरोट्ठस्स वेमज्झपदेसो दट्ठब्बो (વિભઙ્ગ–અટ્ઠકથા ૫૨૭, ઝાનવિભઙ્ગો) એટલે કે ઉપલા હોઠની ઉપર, વચ્ચે એક બિંદુ પકડમાં આવી જાય છે. ત્યારે આ પ્રગટ થયેલા બિંદુ પર ચિત્તની એકાગ્રતાનો અભ્યાસ કરવામાં આવે છે. આનાથી તુરંત જ આ બિંદુ પર કોઇ સંવેદનાઓ અનુભવ થવા લાગે છે. આમ ત્રણ દિવસ વીતતાં – વીતતાં માથાના તાળવાથી પગના તળિયાં સુધી, આખા શરીરમાં મનને ફેરવતાં રહેવાનું છે. બસ, વિપશ્યના આરંભ થઇ ગઇ. પ્રજ્ઞા જાગી ઊઠી. આખા શરીર પર થનારી ભિન્ન–ભિન્ન સંવેદનાઓ પ્રત્યે સજાગ રહીને, તટસ્થભાવ બનાવી રાખવાનો છે. આ અભ્યાસ નિરંતરતાથી કરવાનો છે. આ માર્ગમાં અભ્યાસની નિરંતરતા જ સફળતાની કૂંચી છે.

• **પ્રજ્ઞા :**– પ્રજ્ઞા શું છે ? પ્રજ્ઞા એટલે પ્રત્યક્ષ જ્ઞાન, આ જ પ્રમુખ જ્ઞાન છે, પ્રકૃષ્ટ જ્ઞાન છે, જે આપણને મુકિત તરફ લઇ જાય છે. આ વાંચેલું કે સાંભળેલું જ્ઞાન નથી, બલ્કે અનુભૂતિ દ્વારા પ્રાપ્ત થયેલું, સ્વયં પોતાનું યથાર્થ જ્ઞાન છે. આના નિરંતર અભ્યાસથી ઘણી બધી અજાણી સચ્ચાઇઓ પ્રગટ થવા લાગે છે.

પૂર્વ પારમીસંપન્ન સાધક હોય તો શીઘ્ર જ, અથવા થોડાક સમય બાદ એ તથ્ય પ્રગટ થવા લાગે છે, કે અધોગતિ તરફ લઇ જનારા બધા કર્મસંસ્કારોનાં મૂળ અંર્તમનના ઊંડાણમાં સુષુપ્ત પડયાં રહે છે. દુર્ગતિ તરફ લઇ જનારા આ કલેશમય દૂષિત કર્મસંસ્કાર જીવનધારાની સાથોસાથ, સુષુપ્તરૂપે પ્રવાહમાન થતા રહે છે. એટલે તેને અનુશય–કલેશ કહે છે. કદાચ કોઇ પ્રકારની સાધના દ્વારા માનસના કેવળ ઉપલા સ્તરે છવાયેલા દૂષિત કર્મસંસ્કારોનો ક્ષય કરી લેવાય તો પણ અધોગતિથી નિતાંત વિમુક્તિ નથી મળતી. પરંતુ જયારે સાધક શરીર પર પ્રગટ થયેલી બધી ગહન સંવેદનાઓ પ્રત્યે તટસ્થ સજગતાનો અભ્યાસ ચાલુ રાખે છે ત્યારે વીતરાગની સ્થિતિમાં પુષ્ટ થતો રહે છે. કેમકે પ્રજ્ઞા દ્વારા અનુભવ કરે છે કે શરીર અને ચિત્ત સંબંધી જે સંવેદનાઓ પ્રગટ થઇ રહી છે તે બધી અનિત્ય છે, નશ્વર છે, ભંગુર છે, સતત પરિવર્તનશીલ છે. તેથી તેને સુખદ માનીને રાગ કે દુઃખદ માનીને દ્વેષ નથી જગાવતો. આમ સજગતા તથા સમતા બંને પુષ્ટ થતી જાય છે. ત્યારે અંતર્મનના મૂળમાં સમાએલા કુસંસ્કારોની ઉદીર્ણા થતી જાય છે. સાધક તેના પ્રતિ પણ સમતામાં સ્થિત રહે છે ત્યારે તે કુસંસ્કારોની નિર્જરા થવા લાગે છે. તે ક્ષીણ થવા લાગે છે. તેનો ક્ષય થવા લાગે છે. સાધકને તેટતેટલી અધોગતિમાંથી મુકિત મળવા લાગે છે. જયારે બધા અનુશય–કલેશોની ઉદીર્ણા થઇને તેનો ક્ષય થઇ જાય છે ત્યારે અધોગતિથી પૂર્ણ રીતે મુકિત પ્રાપ્ત થઇ જાય છે.

उप्पज्जित्वा निरुज्झन्ति, तेसं वूपसमो सुखो ।

ઉત્પન્ન થઇ થઇને જયારે નિરુદ્ધ થઇ જાય છે ત્યારે તે કર્મસંસ્કારોના ઉપશમનનું સુખ અનુભવાય છે.

સાધક જયારે વિપશ્યના દ્વારા અધોગતિના સંસ્કારોથી સર્વથા મુકત થઇ જાય છે, ત્યારે અનિત્ય સ્વભાવવાળી સંવેદનાઓને જોતાં જોતાં જ પહેલી વાર તેને નિત્ય, શાશ્વત, ધ્રુવ સ્વભાવવાળી તરંગાતીત નિર્વાણની અનુભૂતિ થાય છે. આ નિતાંત ભવવિમુક્તિની પ્રાથમિક અવસ્થા છે. તેને સોતાપન્ન અવસ્થા કહેવાય છે. એટલે કે સાધક નિતાંત ભવવિમુકિતના સોતમાં પડી ગયો. હવે પૂર્ણતઃ વિમુકત થવાથી તેને કોઇ રોકી ન શકે.

હવે તે ઉર્ધ્વગતિના વધુમાં વધુ સાત જન્મ લઇને પુનર્જન્મ આપનારા બધા સંસ્કારોનો ક્ષય કરી લે છે. ચિત્ત બધા સંસ્કારોથી વિહીત થઇને નિતાંત નિર્મળ થઇ જાય છે.

विसङ्खारगतं चित्तं तण्हानं खयमज्झगा ।

ચિત્ત બધા સંસ્કારોથી વિહીત થઇને નિતાંત નિર્મળ થઇ જાય છે.

તૃષ્ણાનો ક્ષય થઇ જતાં નવા સંસ્કાર બનતા નથી. તેને એ અવસ્થા પ્રાપ્ત થઇ જાય છે જયાં...

खीणं पुराणं नवं नत्थि सम्भवं ।

બધા જૂના સંસ્કાર ક્ષીણ થઇ ગયા છે. નવા બનવા નથી પામતા. એ વ્યકિત પુનર્જન્મથી સર્વથા મુકત, અરહંત કહેવાય છે.

ત્યારે તે દઢતાપૂર્વક આ સત્યની ઘોષણા કરે છે –

अयन्तिमा जाति – આ મારો અંતિમ જન્મ છે.

नत्थिदानि पुनब्भवोति – હવે પુનર્જન્મ નહીં થાય.

– (દીઘનિકાય ૧.૩૧, બોધિસત્તધમ્મતા)

આમ જન્મ–મરણના ભવ–સંસરણથી સર્વથા વિમુકત થઇ જાય છે.

આ બધી અવસ્થાઓને પ્રાપ્ત કરવા માટે સાધકે સ્વયં પરિશ્રમ–પુરૂષાર્થ કરવાનો હોય છે. કોઇ દેવી, દેવતા, બ્રહ્મ અથવા ઇશ્વર મુકિત પ્રદાન નથી કરી શકતા. કોઇ સાચો સદ્ગુરુ હશે તો એમ જ કહેશે–હું માર્ગદાતા છું, મુકિતદાતા નહીં. જેમ ભગવાન બુદ્ધે કહ્યું–

तुम्हेहि किच्चमातप्पं, अक्खातारो तथागता ।

– મુકિતને માટે તપવું તમારે જ પડશે. તથાગત તો કેવળ માર્ગ આખ્યાત કરી દે છે.

આ માર્ગ પર ચાલનારો સાધક કદી અંધભકિત દ્વારા કોઇ ગુરુની ચંગુલમાં નથી ફસાતો. જાણી જાય છે કે તે अत्ता हि अत्तनो नाथो સ્વયં પોતાનો માલિક છે. अत्ता हि अत्तनो गति, (સારી કે ખરાબ) પોતાની ગતિ સ્વયં બનાવે છે.

વિપશ્યના કરતાં કરતાં ગંભીર સાધકને પોતાના વિષયે કેટલીક નૈસર્ગિક સચ્ચાઇઓ સ્પષ્ટ થવા લાગે છે.

૧. એક તો એ કે (પોતાનાં જે) કુકર્મોને તે પોતાની આસકિત માનીને તેનું ન્યાયીકરણ કરતો હતો, હવે તેને સ્પષ્ટ જણાય છે કે આસકિત માદક પદાર્થ અથવા જુગાર અથવા વ્યભિચાર જેવાં દુષ્કર્મો પ્રત્યે નથી, બલ્કે તેને કારણે જે સંવેદનાઓ ઉત્પન્ન થાય છે તેમના પ્રતિ છે. હવે આ સાધના દ્વારા તે (દુષ્કર્મોથી) સંબંધિત સંવેદનાઓ ઊભરી આવતાં તેને તટસ્થભાવે જાણતાં જાણતાં ખતમ કરી નાખે છે. ત્યારે આ પ્રકારના દૂષિત સંસ્કારોના નવનિર્માણથી છુટકારો પામી લે છે.

૨. એ સત્ય પણ બહુ સ્પષ્ટ થઇ જાય છે કે –

पुब्बे हनति अत्तानं, पच्छा हनति सो परे ।

– (થેરગાથાપાળિ ૧૩૯, વસભત્થેરગાથા)

ગંભીર સાધક, પછી ભલે તે કેદી હોય કે અન્ય કોઇ, જુએ છે કે જયારે જયારે તે મનમાં બદલો લેવાનો ભાવ જગાડે છે, ત્યારે તેના શરીરમાં તાત્કાલિક જલન થવા લાગે છે. તેના ધબકારા વધી જાય છે. તાણ વધી જાય છે, તે દુઃખી થઇ જાય છે. ત્યારે સ્પષ્ટ સમજવા લાગે છે કે કોઇ અન્યની સુખ–શાંતિનું હનન કરતાં પહેલાં અજ્ઞાનવશ પોતાની જ સુખ–શાંતિનું હનન કરીને પોતાની જાતને દુઃખી બનાવતો રહું છું.

આ સચ્ચાઇઓની અનુભુતિથી સ્વભાવ બદલવા લાગે છે. દ્વેષ–દુર્ભાવ જાગવાને સ્થાને સ્નેહ–સદ્ભાવ જાગવા લાગે છે. મૈત્રી, કરુણાથી માનસ સભર થઇ ઊઠે છે. જીવનમાં સુખ–શાંતિ છવાઇ જાય છે. માનવજીવન સફળ થઇ જાય છે.

આવી છે વિપશ્યના ! સ્વાનુભૂત સચ્ચાઇ પર આધારિત સર્વથા કલ્યાણકારિણી.

આ જ છે દુખિયારા વિશ્વને માટે ભગવાન બુદ્ધનો અણમોલ વારસો.

**કલ્યાણ મિત્ર**

**સત્યનારાયણ ગોયન્કા**

અકોટા અતિથિ ગૃહ પાછળ, અકોટા, વડોદરા – ૩૯૦ ૦૨૦. ફોન નં. (0265) 2341181, 94263 32180, E-mail : vvs04@hotmail.com. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ : મો. ૯૮૨૫૦ ૨૮૦૫૭, **૧૦ દિવસીય શિબિર :** તા. ૦૨-૧૨-૦૯ થી ૧૩-૧૨-૦૯. **૩ દિવસીય શિબિર :** તા. ૨૪-૧૨-૦૯ થી ૨૭-૧૨-૦૯ (સાંજના ૫.૦૦ સુધી)

## ખાસ નોંધ

તા. ૧ થી ૨ ડિસેમ્બર - ૨૦૦૯ ધમ્મકોટની શિબિરમાં ફક્ત પુરૂષ સાધકો લેવાના છે.

## વિપશ્યના પરિચય કાર્યક્રમ - ધમ્મકોટ

તા. ૩૧ જાન્યુઆરીના રવિવારે વિપશ્યી સાધકોના પરિવારો માટે ધમ્મકોટ કેન્દ્ર પર **વિપશ્યના પરિચય કાર્યક્રમ** નું આયોજન નીચે પ્રમાણે કરેલ છે.

**સમય :** સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે

- ૧૨.૦૦ કલાકે ભોજન અને ત્યાર બાદ પરત.
- આઠ વ્યક્તિઓ સુધી સ્પેશ્યલ રિક્ષા આપના ઘર/વિસ્તારથી કેન્દ્ર અને પરત આવવા થઈ શકશે.

**વાહન-વ્યવસ્થાની જરૂરવાળા સાધકો માટે રિક્ષા નોંધાવવા સંપર્ક :**

૧) ગઢવીભાઈ–મો. ૯૯૦૯૨ ૯૭૭૪૦, ૨) ભરતભાઈ–મો. ૯૮૭૯૭ ૧૨૮૫૬

આવનારા સભ્યોની સંખ્યાની આગોતરી જાણ સિટિ ઓફિસ : (૦૨૮૧) ૨૨૨૦૮૬૧, મો. ૯૪૨૬૨ ૦૨૨૨૨ અથવા ધમ્મકોટ : ૨૭૮૨૫૫૦ પર અવશ્ય કરશોજી. જેથી ઉચિત વ્યવસ્થા થઈ શકે. સપરિવાર–મિત્રો સાથે લાભ લેશો.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. (0281) 2220861-866 (0281) 2221384, 94272 21591 | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. (02762) 254634, 252345 (M) 94272 33000 |

### ૨૦૦૯ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | |
|---|---|---|---|
| 02-12-09 to 13-12-09 | 06-01-10 to 17-01-10 | 30-12-09 to 10-01-10 | 30-12-09 to 10-01-10 |
| 16-12-09 to 27-12-09 | 28-01-10 to 08-02-10 | 20-01-10 to 31-01-10 | 20-01-10 to 31-01-10 |
| 30-12-09 to 10-01-10 | 11-02-10 to 22-02-10 | 17-02-10 to 28-02-10 | 17-02-10 to 28-02-10 |
| 20-01-10 to 31-01-10 | 25-02-10 to 08-03-10 | 03-03-10 to 14-03-10 | 03-03-10 to 14-03-10 |
| 03-02-10 to 14-02-10 | 11-03-10 to 22-03-10 | **: મોગર :** | **: ધર્મજ :** |
| 17-02-10 to 28-02-10 | 29-04-10 to 10-05-10 | 'ધમ્મભવન' | હિંમતભાઈ પટેલ |
| 03-03-10 to 14-03-10 | 13-05-10 to 24-05-10 | ૫-કાલિંદી પાર્ક, | (૦૨૬૯૭) ૨૪૪૬૫૬ |
| 17-03-10 to 28-03-10 | 27-05-10 to 07-06-10 | અકોટા. | મો. : ૯૪૨૫૬ ૦૦૭૬૫ |
| 31-03-10 to 11-04-10 | 12-07-10 to 23-07-10 | ફોન : ૦૨૬૫-૨૩૪૧૧૮૧ | 01-02-10 to 12-02-10 |
| 14-04-10 to 25-04-10 | 27-07-10 to 07-08-10 | 02-12-09 to 13-12-09 | 06-05-10 to 17-05-10 |
| 26-04-10 to 07-05-10 | 20-08-10 to 31-08-10 | 24-12-09 to 27-12-09 | 26-05-10 to 06-06-10 |
| 09-05-10 to 20-05-10 | 03-09-10 to 14-09-10 | 20-01-10 to 31-01-10 | 10-07-10 to 21-07-10 |

### ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિરો

| | | | |
|---|---|---|---|
| 05-02-10 to 13-02-10 | 31-01-10 to 08-02-10 | 06-02-10 to 14-02-10 | 18-09-10 to 26-09-10 |
| 18-06-10 to 26-06-10 | 14-07-10 to 22-07-10 | | |

### ફક્ત જૂના સાધકો માટે વિશેષ શિબિરો

| | | | |
|---|---|---|---|
| 17-02-10 to 28-02-10 | 18-10-10 to 29-10-10 | 01-09-10 to 12-09-10 | 15-12-10 to 26-12-10 |

### ગંભીર સાધકો માટે ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર

| | | | |
|---|---|---|---|
| (૩૦ દિવસ) 27-09-10 to 28-10-10 | (૨૦ દિવસ) 26-03-10 to 16-04-10 | | (૨૦ દિવસ) 04-07-10 to 25-07-10 |
| (કિશોરો માટે) 12-05-10 to 20-05-10 | 27-07-10 to 17-08-10 | | |
| (કિશોરીઓ માટે) 24-05-10 to 01-06-10 | (૩૦ દિવસ) 26-03-10 to 26-04-10 | | |
| | 05-12-10 to 05-01-11 | | |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના બીજા રવિવારે કેન્દ્ર ઉપર દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

ધન્ય ! ધર્મ એસા મિલા, મિલી રતન કી ખાન ।
દુઃખ દારિદ સબ મિટ ગયે, તન મન પુલકિત પ્રાણ ॥

આદિ માંહિ કલ્યાણ હૈ, મધ્ય માંહિ કલ્યાણ ।
અંત માંહિ કલ્યાણ હૈ, કદમ કદમ કલ્યાણ ॥

શીલ માંહિ કલ્યાણ હૈ, હૈ સમાધિ કલ્યાણ ।
પ્રજ્ઞા તો કલ્યાણ હી, પ્રકટે પદ નિર્વાણ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

આઓ માનવ માનવી, ચલેં ધરમ કી રાહ ।
કિતને દિન ભટકત ફિરે, કિતને દિન ગુમરાહ ॥

કુશલ કર્મ સંચિત કરેં, હો ન પાપ લવલેશ ।
મન નિર્મલ કરતે રહેં, યહી ધરમ ઉપદેશ ॥

આઓ માનવ માનવી, સુનો ધરમ કા જ્ઞાન ।
બોધિ જ્ઞાન જિસકા જગા, ઉસકા હી કલ્યાણ ॥

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧–બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 2 નવેમ્બર, 2009** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂ. 100/-**
**વાર્ષિક લવાજમ : રૂ. 30/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

**Weighs less than 8 gms**
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org